કામ નં. ૧૭.૪

મોજે : ગવિયર–મગદલ્લા વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ગવિયર–મગદલ્લા) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧ હેઠળ સદરહુ યોજનાનાં ઈરાદાં પ્રાસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નંબર : ૨૩૭૬.૪

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : ગવિયર–મગદલ્લા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ગવિયર–મગદલ્લા) : સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ નકશા, તે વિસ્તારના હયાત જમીન વપરાશના નકશા તથા સર્વે થયેલ ઓ.પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ તથા તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોને આપવામાં આવી અને ઉકત વિગતોએ તથા મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના તારીખ ૧૨/૦૪/૨૦૦૪ ના પરિપત્રની અને અત્રેથી અગાઉ અપાયેલ વિકાસ પરવાનગીની માહિતીની ચર્ચા કરવામાં આવી. વધુમાં નગર રચના યોજના વિસ્તારની હાલની સ્થળસ્થિતિ મુજબ ખુલ્લો ખેતરાઉ વિસ્તાર હોઈ, તથા લાગુમાં જ સત્તામંડળ દ્વારા પ્રારંભિક નગર રચના યોજના નં.૪ અને નં.૭ બનેલ છે તે સઘળી વિગતોની પણ ચર્ચા કરવામાં આવી અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૨૨ ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજયના મુખ્ય નગર નિયોજકશ્રી પાસે હદોના પરામર્શ મેળવ્યા પછી ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે, તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક (ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે : ગવિયર–મગદલ્લા વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ગવિયર–મગદલ્લા) : સુડા સુરત (હદો સામેલ પરિશિષ્ટ મુજબની રહે છે.) બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ જાહેર કરે છે અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાનપત્રમાં તથા સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, મુખ્ય નગર નિયોજકશ્રીના પરિપત્રની વિગતોએ વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

(અમલ : ટેકનીકલ શાખા)